**મહેરબાન ઓલપાડના એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ક્રિમીનલ કેસ નંબર : ૪૬૭/૨૦૨૦**

**આંક–**

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :
(૧) મનોજભાઈ મગનભાઈ ચૌહાણ
(૨) જીતેન્દ્રભાઈ જોયતાભાઈ પટેલ
(૩) બસીર ખેરૂલા ખાન
(૪) બાલુભાઈ દયાળભાઈ પટેલ
(૫) મહેમુદ રમજાન મુલ્તાની
(૬) શૈલેશભાઈ પરશોતમભાઈ નારોલા
(૭) મુકેશભાઈ રામભરોસે કુસવહ
(૮) જયતીભાઈ શ્યામજીભાઈ ગડા
(૯) રાજ લાલચંદ પટેલ
(૧૦) રીમ્પલ બાબુલાલ શાહ
(૧૧) જીતેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ પટેલ (એબેટ)
(૧૨) શશીકાંતભાઈ ઉર્ફે શશીમામા હિંમતલાલ શાહ

**<u>ગુનો – જુગાર ધારાની કલમ–૪, ૫ મુજબ</u>**

**<u>–: ઠરાવ :–</u>**

**(૧)** આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબનો ગુનો કરેલ હોય પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામના આરોપીઓને સમન્સ કરતા આરોપી નં. ૨, ૩, ૪, ૮, ૧૦ અદાલત સમક્ષ હાજર થતા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવી.

**(૨)** આ કામના આરોપી નં.૨, ૩, ૪, ૮, ૧૦ સામે તેઓની સામેના ગુના અન્વયે આરોપી નં.૨, ૩, ૪, ૮, ૧૦ નાએ અલગથી ગુના કબુલાત પુરસીસ રજુ કરી ગુનો કબુલ કરતા હોવાનુ જણાવતા આરોપી નં. ૨, ૩, ૪, ૮, ૧૦ ની પ્લી

રેકર્ડ કરવામા આવેલ અને જે આરોપી નં. ૨, ૩, ૪, ૮, ૧૦ નાઓને વાંચી સંભળાવી સમજાવતા જવાબ લેવામા આવેલ જેમા આરોપી નં. ૨, ૩, ૪, ૮, ૧૦ નાઓએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે જેથી ઉપરોકત ગુનો આરોપી નં. ૨, ૩, ૪, ૮, ૧૦ કબુલ કરશે તો ગુનાની સજા અંગે આરોપી નં. ૨, ૩, ૪, ૮, ૧૦ નાઓને જણાવવામા આવેલ છે. આરોપી નં.૨, ૩, ૪, ૮, ૧૦ નાઓ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ રાખતા હોય કબુલાત પુરસીસ રેકર્ડ કરવામા આવેલ છે. આરોપી નં.૨, ૩, ૪, ૮, ૧૦ નાઓની રજુઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે. આ ગુનો કરવાનો તેમનો કોઈ ઈરાદો ન હતો અને ભવિષ્યમા ગુનો કરશે નહી તેવી ખાત્રી આપે છે.

(૩) વધુમા નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરિચંન્દ્રજી ઠાકોરના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વંચાણે લેવામા આવે તો કોર્ટને એવુ જણાય કે કોર્ટને ઓછામા ઓછી સજા કરતી વખતે આરોપીની પરિસ્થિતિ, આરોપીનો ગુનો તેમજ અન્ય સંજોગોનો વિચાર કરવો જોઈએ ત્યારે આ અંગે યોગ્ય નિર્ણય લઈ કોર્ટ ઓછામા ઓછી સજા કરી શકે. સદર ગુનાની જોગવાઈ તેમજ આરોપીઓ ધ્વારા સ્વેચ્છાએ કબુલાત કરવા માંગતા હોય આરોપીઓ સામેના ગુના અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

૧) આ કામના આરોપી નં. ૨, ૩, ૪, ૮, ૧૦ નાઓને બી.એન.એસ.એસ. કલમ-૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ-૪,૫ મુજબના ગુના સબબ દોષીત ઠરાવી પ્રત્યેક આરોપીને રૂા.૫૦૦/- લેખે કુલ રૂા.૨,૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામા

આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામા કસુર કરે તો તે બદલ દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૨) સદર કામના આરોપી નં. ૧, ૫, ૬, ૭, ૯ નાઓ વિરુધ્ધ આગળ કાર્યવાહી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમા ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ : ઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડયા)
એડી.સીની.સીવીલ જજ અને
એડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ
કોડ નં. જીજે–૦૧૨૯૦

Receipt No. ____________
Fine Rs.2,500/- (Rupees : Two Thousand Five Hundred Only)
Dt. 14/03/2026
Nazir
Civil Court, Olpad.